દિવ્ય ભાસ્કર
# રસરંગ
રવિવાર | 14 મે, 2017
divyabhaskar.co.in/magazine/rasrang

'મા' એક એવો શબ્દ છે,
જે આશા અને પ્રેમથી
ભરેલો છે, એક મધુર અને
માયાળુ શબ્દ, જે હૃદયના
ઊંડાણમાંથી આવે છે.
• ખલિલ જિબ્રાન

## મધર
### માતૃપ્રેમની મહાન નવલકથા




**મેક્સિમ** ગોર્કીની 'મધર' નામની નવલકથા વર્ષ 1906માં પ્રકાશિત થઈ હતી. પ્રકાશન સમયે બહુ સફળ ન થયેલી આ નવલકથા આજે ગોર્કીની સૌથી વધારે ચર્ચિત કૃતિ ગણાય છે. આ નવલકથામાં એક માતા અને પુત્રની વાત છે. માતા એક કારખાનામાં કામ કરે છે. માતાના સંઘર્ષની સાથે સાથે રાજકીય-સામાજિક-આર્થિક વિચારધારાઓની ગંભીર ચર્ચાને પણ આવરી લેવામાં આવી છે. આ નવલકથા ગુજરાતી સહિત અનેક ભાષાઓમાં અનુવાદિત થઈ છે. આ નવલકથા પરથી ફિલ્મો પણ બની છે.

Happy Mother's Day

# પર્વતના પેટમાં ટનલ અને ટનલના પેટમાં કત્લેઆમ!

**લોકો હજી ત્રીજા વિશ્વયુદ્ધના આરંભની વાતો કરે છે. અરે! મોસુલમાં ત્રીજું વિશ્વયુદ્ધ ક્યારનું ચાલુ જ છે! મોસુલથી થોડેક દૂર આવેલા પર્વતની તળેટીમાં સતત કાપાકાપી થતી જ રહે છે**

**વિચારોના વૃંદાવનમાં**
**ગુણવંત શાહ**

એક એવા નગરની કલ્પના કરો. એ નગરમાં રહેતો પ્રત્યેક નાગરિક ભયના ઓથારમાં જીવતો હોય. એને એટલી ખબર હોય કે મૃત્યુ એક મીટર કે એક જ મિનિટ છેટે ઊભું છે. એ નગરમાં રહેતો કોઇ પિતા જો સવારે દીકરીને વહાલ કરે, તો સાંજે એ દીકરી જીવતી ન પણ હોય કે કદાચ પિતા જીવતો ન હોય. ખુદાનો અહેસાન માનો કે તમે ઈરાક અને સિરિયાની સરહદે આવેલા મોસુલ નામના નગરમાં રહેતા નથી. લોકો હજી ત્રીજા વિશ્વયુદ્ધના આરંભની વાતો કરે છે. અરે! મોસુલમાં ત્રીજું વિશ્વયુદ્ધ ક્યારનું ચાલુ જ છે! કુરાનમાં પયગંબર કહે છે: 'જ્યારે તમે એક માણસની હત્યા કરો છો, ત્યારે માનવજાતની હત્યા કરો છો.'

મોસુલથી થોડેક દૂર આવેલા પર્વતની તળેટીમાં સતત મારામારી અને કાપાકાપી થતી જ રહે છે. વર્ષો પહેલાં એ પર્વતના પેટમાંથી ટનલ દ્વારા એક ટ્રેનની અવરજવર ચાલુ હતી. એ ટ્રેન બર્લિન અને બગદાદને જોડનારી હતી. જ્યારથી ઈરાક અને સિરિયાની સરહદ પર ઈસ્લામી રાજવટ (ISIS)ની સ્થાપના થઈ ત્યારથી એ પર્વતીય વિસ્તારમાં જહન્નમ ઊતરી આવ્યું છે. રશિયા અને અમેરિકા જેવા બે વિકરાળ પાડા લડી રહ્યા છે અને મોસુલ નગરમાં વસનારાં સ્ત્રી-પુરુષો અને બાળબચ્ચાં રોજ ઘેટાં-બકરાંની માફક મરી રહ્યાં છે. લોકો મોટી સંખ્યામાં અન્ય દેશોમાં હિજરત કરીને જાન બચાવવાનાં ફાંફાં મારી રહ્યાં છે. સ્ત્રીઓ સેતાનોની ગુલામડી બની સાંકળે બંધાય છે અને એ સામે અવરોધ ઊભો કરે, તો ગોળીએ વીંધાય છે. માનવ-અધિકારવાદીઓ આવી બર્બરતા સામે લગભગ ચૂપ કેમ છે?

બર્લિન અને બગદાદને જોડતી ટ્રેન વીસમી સદીમાં શરૂ થઈ હતી. આજે તો ટ્રેન વ્યવહાર ઠપ્પ છે. આવી લોહિયાળ કત્લેઆમનો પ્રણેતા અબુ બકર અલ બગદાદી વારંવાર પોતાનું સ્થાન બદલીને જીવતો રહ્યો છે. એ એકવીસમી સદીનો હિરણ્યકશ્યપ કે નરકાસુર કે જરાસંધ ગણાય. દુનિયાના કોઈ પણ પર્વતની ટનલને આટલા કાતિલાના ઈતિહાસને જાળવી રાખવાનું કમનસીબ પ્રાપ્ત થયું નહીં હોય. એને આપણે મોતની ટનલ (tunnel of death) કહી શકીએ.



આખરે એક પર્વત એટલે શું? હિમાલયમાં અસંખ્ય ગુફાઓ છે. હિમાલય એ જ શિવાલય! એની એક પણ ગુફા એવી નહીં હોય જેમાં બેસીને કોઈ ઋષિએ તપ કર્યું નહીં હોય. આવું કદાચ આપણે આલ્પ્સ કે કિલિમાંઝારો વિશે કહી નહીં શકીએ. પર્વત હોય ત્યાં શિખર હોય અને શિખર હોય ત્યાં મંદિર હોવાનું! શિખરની ટોચ એટલે પૃથ્વીના નાકનું ટેરવું? એ ટેરવેથી આકાશ કેટલું નજીક? અલ્લાહ કેટલો નજીક? માણસને જ્યાં ઈશ્વર સમીપ છે, એવો વહેમ પણ પડે ત્યાં અચૂક તીર્થસ્થાન હોવાનું! તીર્થસ્થાન આખરે તો મનને શાંતિ આપનારું સ્થાનક છે ને?

આફ્રિકન આદિવાસીઓમાં એક શબ્દ પ્રચલિત છે: 'ઉબન્ટુ'. ઉબન્ટુ શબ્દનો અર્થ જાણી રાખવા જેવો છે: 'હું છું કારણ કે તું છે અને તું છે કારણ કે આપણે છીએ.' દુનિયાના ભણેલા-ગણેલા-બગડેલા બુદ્ધિમાન લોકો કેવળ 'ઉબન્ટુ' શબ્દને સમજે તો શાંતિનું સામ્રાજ્ય સ્થપાય. પછી ક્યાંય યુદ્ધ ફાટી નહીં નીકળે, શાંતિ ફાટી નીકળે! કવિ વડ્ઝવર્થે સાચું કહ્યું: 'What man has made of man!' (માનવે માનવી કેરું, કર્યું શું જગમાં જુઓ!) માનવીની આવી અવદશા કહેવાતા ધર્મના નામે થઈ રહી છે ત્યારે આફ્રિકાનો અપ્રદૂષિત આદિવાસી આપણને માત્ર એક જ શબ્દમાં ગીતા-કુરાન-બાઈબલ-તાલમુદ-ગુરુ ગ્રંથસાહેબનો મર્મ માત્ર એક જ શબ્દમાં સહજપણે સમજાવી દે છે: 'ઉબન્ટુ.'

મોસુલ નામનું નગર મૃત્યુ નામની ભેખડની ધાર પર જીવી રહ્યું છે. તા. 7મી માર્ચ 2017ના 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'માં આ ટનલની વાત વાંચીને હૈયું રડી ઊઠ્યું! આ આખો લેખ મનની બેચેનીમાં લખાયો છે. શાંતિ આપણું સમણું છે અને યુદ્ધ આપણી વાસ્તવિકતા છે. વિચારવું પડશે. મોસુલ પંથકમાં રોજ હજારો મનુષ્યો મરે તેમાં હિન્દુઓ, ખ્રિસ્તીઓ અને યહૂદીઓ કેટલા? હજારે એક પણ નહીં. મારનારા પણ મુસલમાન અને મરનારા પણ મુસલમાન! બંને પક્ષે લડનારા-મરનારા એ બધા જ મુસલમાનોને એક જ પયગંબરમાં, કુરાનમાં અને એકેશ્વરનિષ્ઠા (તૌહીદ)માં અડગ શ્રદ્ધા છે. તો પછી લડાઈનો મુદ્દો કયો? ઝનૂન ભાન ભુલાવે છે.

ઈરાકી સૈન્ય ટનલમાં પ્રવેશ્યું ત્યારે શું જોવા મળ્યું? એ વખતે સૈનિકોની નજર એક ટ્રેનિંગ કેમ્પના સ્થાન પર પડી. ત્યાં જનરેટરથી પેદા કરવામાં આવેલા પ્રકાશમાં ટનલની દીવાલ પર સૂત્રો વાંચવા મળ્યાં, જેમાંનું એક સૂત્ર હતું:

*ઈન્શાઅલ્લાહ!*
*અમે તો*
*રોમ પર વિજય મેળવીશું.*

દીવાલ પર લખેલું બીજું સૂત્ર હતું:

*અલ્લાહના માર્ગ પર*
*જેહાદ એ જ જન્નત!*

આવાં સૂત્રોના બેકગ્રાઉન્ડમાં રક્તથી રંગાયેલા સૂર્યનું ચિત્ર પણ જોવા મળતું હતું.

આંકડા કહે છે કે ગઈ 18મી ઑક્ટોબરથી તે આજ સુધીમાં એક લાખ અને 70 હજાર માણસોએ ઘરબાર છોડીને જાન બચાવવા માટે ભાગી છૂટવાની અકથ્ય પીડા ભોગવી છે. એ પીડા કેવી તેનો ખ્યાલ સલામતીના ફળિયામાં જીવનારા લોકોને ક્યાંથી આવે? મૃત્યુ પામવું એ તો ત્યાં જીવનની શૈલી બની ચૂક્યું છે! ત્રીજા વિશ્વયુદ્ધની પ્રતીક્ષા કરવા માટે પણ જીવતાં હોવું એ પૂર્વશરત ગણાય. જ્યાં 'માનવીની ભવાઈ'નો મૃત્યુનાચ જ ચાલતો હોય ત્યાં કયો ધર્મ બચે? આવી દારુણ પરિસ્થિતિમાં રામ ક્યાં, કૃષ્ણ ક્યાં, મહાવીર ક્યાં, બુદ્ધ ક્યાં, ઈસુ ક્યાં અને મોહંમદ ક્યાં? પોતાનો બચાવ (સર્વાઈવલ) એ જ ધર્મ, જેને કહે છે: આપદ્ધર્મ. બારમી સદીમાં લી વંશમાં થઈ ગયેલા ઝેન ગુરુએ કહેલું:

*જો તેનું અસ્તિત્વ હોય,*
*તો ધૂળની રજકણનું અસ્તિત્વ પણ છે.*
*જો તેનું અસ્તિત્વ ન હોય,*
*તો અખિલ બ્રહ્માંડનું અસ્તિત્વ પણ નથી.*

જ્યારે પણ હુલ્લડ થાય અને મારામારી કે કાપાકાપી શરૂ થાય ત્યારે લોકો મોટા અવાજે એક શબ્દ બોલે તો કદાચ શાંતિ ઊગે! 'ઉબન્ટુ' સર્વથા સેક્યુલર શબ્દ છે. તેથી...

*પ્રેમસે બોલો ઉબન્ટુ!*
*ગર્વસે બોલો ઉબન્ટુ!*
*મંદિરમાં બોલો ઉબન્ટુ!*
*મસ્જિદમાં બોલો ઉબન્ટુ!*
*દેવળમાં બોલો ઉબન્ટુ!*
*દેરાસરમાં બોલો ઉબન્ટુ!* ■

### પાઘડીનો વળ છેડે

*પુરાણા તળાવની શાંતિ ચીરીને*
*પાળ પરથી એક દેડકો પાણીમાં કૂદ્યો*
*અને સર્જાયો*
*શાશ્વત છંદોલય!*
-બાશો (જાપાની કવિ)

Blog:http://gunvantshah.wordpress.com

# મા : ક્રૂર સરમુખત્યારોના કાળજાનો ઋજુ ખૂણો

**ક્રોમ ધ પ્રિવિયસ પેજ**
**મેહુલસિંહ પરમાર**

ક્લારાને છાતીમાં દુખાવો થવા લાગ્યો હતો પરંતુ તેઓ કેટલોક સમય સુધી તેને અવગણતા રહ્યાં. જ્યારે પીડા અતિશય વધી ગઈ અને રાત્રે છાતીમાં દુખાવાને કારણે ઊંઘ ઊડી જવા લાગી ત્યારે ફેમિલી ડૉક્ટર ઈડુઆર્ડ બ્લોક પાસે ગયા. ડૉક્ટરે ક્લારાના દીકરા એડોલ્ફને જણાવ્યું કે, તેની માતાને બ્રેસ્ટ કેન્સર છે. સ્તન દૂર કરવા છતાં તેમના બચવાની શક્યતા પાંખી છે. આ સાંભળીને એડોલ્ફ ભાંગી પડ્યો. જ્યારે ક્લારાએ જીવલેણ રોગને સર્વશક્તિમાનની ઈચ્છા ગણીને કોઈ પણ પ્રકારની ફરિયાદ વિના વાસ્તવિકતા સ્વીકારી લીધી હતી. ક્લારાનું ઓપરેશન કરવામાં આવ્યું પરંતુ છાતીના કોષોમાં ઊંડે સુધી કેન્સર ફેલાઈ ચૂક્યું હતું. ડૉક્ટરે કહી દીધું કે રોગ હવે અંતિમ તબક્કે છે. માતાની કથળતી જતી સ્થિતિ જોઈને એડોલ્ફે ડૉક્ટર પાસે કાકલૂદી કરતાં માતાને બચાવી લેવા કહ્યું. ડૉક્ટરે સારવાર શરૂ કરી પરંતુ કેન્સરના કોષોના નાશ માટે જે સારવાર કરવામાં આવી તેની આડઅસરરૂપે ક્લારાનું ગળું લકવાગ્રસ્ત થઈ ગયું, પરિણામે કશું પણ ગળેથી ઉતારી શકતાં નહોતાં. સારવાર જીવલેણ સાબિત થઈ અને ક્લારાનું અવસાન થયું. માતાને ગુમાવ્યાનું દુઃખ એડોલ્ફને આજીવન રહ્યું. ડૉક્ટર બ્લોકે જે તે વખતે કહ્યું હતું કે, મારી તબીબી કારકિર્દીમાં કોઈ દર્દીના મૃત્યુ બાદ તેના સગાને એડોલ્ફ જેટલો વિષાદગ્રસ્ત ક્યારેય નથી જોયો. માતાના મૃત્યુ બાદ ભાંગી પડેલા એડોલ્ફને જોઈ રહેલા ડૉક્ટરે કલ્પના પણ નહોતી કરી કે આ જ છોકરો એક દિવસ માનવસંહાર માટે વિશ્વ ઈતિહાસમાં કલંકિત થશે. એ છોકરાને ઈતિહાસ એડોલ્ફ હિટલર તરીકે ઓળખે છે.


હિટલરનાં માતા: Klara Hitler


સ્ટેલિનનાં માતા : Ekaterine Geladze

**એડોલ્ફ હિટલરની આત્મકથામાં માતા તરફ બેહદ લાગણી હોવાનું અને તેમના અવસાનથી ભાંગી પડ્યો હોવાનો ઉલ્લેખ છે**

જોકે યહૂદીઓ તરફ તિરસ્કાર અને નફરત ધરાવતા એડોલ્ફના હૃદયમાં માતાની સારવાર કરનાર ડૉક્ટર ઈડુઆર્ડ બ્લોક તરફ કૃતજ્ઞતા જળવાઈ રહી હતી. અને એટલે જ માતાના અવસાનના અંદાજે 33 વર્ષ બાદ ડૉક્ટર ઈડુઆર્ડ બ્લોક યહૂદી હોવા છતાં તેમને પત્ની સાથે ઓસ્ટ્રિયાથી અમેરિકા જવા દેવાની મંજૂરી એડોલ્ફ હિટલરે આપી હતી.

સોવિયત યુનિયન પર બે દશકથી પણ વધુ સમય સુધી એકહથ્થુ શાસન ચલાવનાર સરમુખત્યાર જોસેફ સ્ટેલિન તેમની માતા યકટરીનાની ખૂબ નજીક હતા. સ્ટેલિનના પિતા દારૂ પીને પુત્ર જોસેફ અને પત્નીની મારઝૂડ કરતા. જોસેફના પિતા મોચીકામ કરતા. ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હતી. જોસેફ જ્યારે થોડા મોટા થયા ત્યારે તેમને ડર હતો કે પિતા મોચીકામે વળગાડી દેશે. એટલે તેમણે રડતાં રડતાં માતાને કહેલું કે, મારે ભણવું છે, મોચીકામ નથી કરવું. માતાએ સ્ટેલિનનાં આંસુ લૂછતાં હૈયાધારણા આપી હતી કે તું જે કરવા માગે છે તેમ જ થશે. આમ તો જોસેફ પિતાથી ડરતો પરંતુ એક વખત માતાને પિતાના મારથી બચાવવા માટે પિતા સામે છરી કાઢી લીધી હતી. જોસેફ લગભગ 10 વર્ષનો થયો તે પહેલાં જ તેમની માતાએ પિતાથી ત્રાસીને અલગ રહેવાનું શરૂ કર્યું હતુ. જોસેફના ઉછેર અને અભ્યાસ માટે માતાએ શ્રીમંતોના ઘરે કામ કરવાનું શરૂ કર્યું. આકરી મહેનત કરીને માતાએ જોસેફનો ઉછેર કર્યો હતો. જોસેફને બિશપ બનાવવાની માતાની મહત્ત્વાકાંક્ષા હતી.

સ્ટેલિન પછી જ્યારે સોવિયેત યુનિયનનો શાસક બની ગયો અને માતાને મળવાનો સમય ન રહેતો ત્યારે પત્રો લખતો અને તેમાં 'ડિયર મમા'નું સંબોધન કરતો. 'સ્ટેલિન: ધ ફર્સ્ટ ઈનડેપ્થ બાયોગ્રાફી બેઝ્ડ ઓન એક્સપ્લોઝિવ ન્યૂ ડોક્યુમેન્ટ્સ ફ્રોમ રશિયાઝ સિક્રેટ આર્કાઈવ્ઝ' નામના પુસ્તકમાં એક સંવાદનું વર્ણન છે. 1935ની એ મુલાકાતમાં જોસેફ સ્ટેલિન માતાને પૂછે છે કે, 'તમે મને શા માટે મારતાં હતાં?'

માતા જવાબ વાળતા કહે છે, 'એટલે જ તું આજે આટલો આગળ છે.'

હવે માતા સવાલ કરે છે : જોસેફ-તું ખરેખર આજે શું છે? સ્ટેલિન કહે છે, 'તમને ઝાર યાદ છે? વેલ, હું ઝાર જેવો છું.'

આ સાંભળીને માતા તરત જ કહે છે: 'આના કરતાં તો તું પાદરી બન્યો હોત તો વધુ સારું હોત'. તે સમયે સોવિયેત યુનિયન પર જોસેફ સ્ટેલિનની આણ પ્રવર્તતી હતી. જે સ્ટેલિન સામે કોઈ હરફ ઉચ્ચારવાની હિંમત ન કરતું અને જેઓએ હિંમત કરી તેમણે આકરી કિંમત ચૂકવવી પડી હતી. તે સમયે સોવિયત યુનિયનના એ શાસકને તેની માતાએ આપેલો જવાબ કેટલો યથાર્થવાદી હતો. ■

**મધર્સ ડે સ્પેશિયલ**
**દરેક પાન પર વાંચો વિશ્વની પ્રતિષ્ઠિત કૃતિઓમાં સર્જવામાં આવેલાં માતાઓનાં માયાળુ પાત્રોની ઝલક...**


























